# વૃક્ષારોપણ અહેવાલ

તારીખ:- 7/7/2025

વાર :- સોમવાર

- પ્રસ્તાવના:- વૃક્ષો પ્રકૃતિનું અનમોલ અનુદાન છે.તેઓ માત્ર લાકડા અને ફળોનો સ્રોત નથી,પરંતુ આપણા ગ્રહ પર જીવનનું સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આપણી વસુંધરા ને સદાય લીલી રાખવી આપણી પવિત્ર ફરજ બને છે.
- પ્રવૃતિનો હેતુ:-
  - વિધાર્થીઓ વૃક્ષોનું મહત્વ સમજી અન્ય લોકોને પણ વૃક્ષો વાવવા માટે પ્રેરિત કરે..
  - વિધાર્થીઓ વૃક્ષોની ઉપયોગિતા જાણે.
  - વૃક્ષોથી પર્યાવરણને થતા પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો વિશે માહિતગાર થાય.
- પ્રવૃતિની માહિતી:- કિસાન માધ્યમિક વિધાલયમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.જેમાં શાળાના મોટાભાગના વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.શાળાના આચાર્યશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ભેગા મળીને શાળાના પટાંગણમાં વિવિધ પ્રકારના વૃક્ષો વાવ્યા હતા.વિધાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવી વિવિધ પ્રસંગોએ વૃક્ષો વાવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. "એક પેડ માં કે નામ" યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને વિવિધ રોપાઓનું વિતરણ કરી તેમને માતા સાથે છોડ રોપવા અને ઉછેરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

- પ્રવૃતિ શિક્ષકનું નામ:- શ્રીમતિ ભૂમિબહેન પી પટેલ અને શ્રી મેહુલભાઈ બી પટેલ

વૃક્ષો છે અનમોલ રતન,કરો તેનું જતન.

જન-જનમાં જાગૃતિ લાવો, ઠેર ઠેર વૃક્ષો વાવો.









